R.N.I. No. : GUJGUJ/2000/447- Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

આપનું લવાજમ બાકી છે ? (હા)- (ના) (સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

If undelivered pl. return to; કાર્યાલય :૨/૧૦ (૩૦૮)સોલિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજ રોડ, નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રી: પ્રકાશ ધોળકીયા . ટે.નં(મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

YEAR-27 • ISSUE: 28 DATE:14-07-2018• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/

## અમેરિકા અને ચીન વચ્ચે ઇતિહાસનું સૌથી મોટું ટ્રેડવોર શરુ થયું : આર્થિક જગતમાં ફડફડાટ વ્યાપી ગયો

વૈશ્વિક અર્થતંત્રને નુકશાન પહોચાડે તેવા જોખમો મધ્યે પોતાના રાજકીય સમર્થકોને આપેલા વચનોનું પાલન કરતાં અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ચીની આયાતોના ૩૪ અબજ ડોલરના સામાન પર ૨૫ ટકાની જકાત લાદી સત્તાવાર વેપારયુધ્ધનું બ્યુંગલ ફક્યુ હતું. અમેરિકાએ ચીની સામાન પરની નવી જકાત અમલી બની હતી.મોન્ટાના જતાં એરફોર્સના વનમાં પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે કહ્યુ હતું કે આગામી બે સપ્તાહમાં ચીની સામાન પર વધુ ૧૬ અબજ ડોલરની આયાત પર જકાત લદાઈ શકે છે.ચીનમાંથી આયાત થતાં ૩૪ અબજના ડોલરના સામાન પરની જકાત શુક્રવારથી લાગુ થઈ ગઈ હતી. ટ્રમ્પે ચીની આયાત પર ૨૫ ટકાની જનવી જકાત ઝીંકીને ચીનને મોટો આંચકો આપ્યો હતો.

વોશિગ્ટનમાં અમેરિકી કસ્ટમ અધિકારીઓએ ખેતીના હળથી માંડીને સેમી કન્ડકટર અને વિમાનના પાર્ટસ સહિતના આયાતી સામાન પર ૨૫ ટકની જકાત વસુલવાનું શરુ કરી દીધું હતું.ટ્રમ્પે અગાઉ ધમકી આપી હતી કે જો ચીન વળતો જવાબ આપશે તો ૨૦૦ અબજ ડોલરની વધુ ચીની આયાતો પર જકાત લદાશે.

ચીન અને અમેરીકા વચ્ચે વ્યાપાર યુધ્ધ હવે વાસ્તવિકતા બની ચુક્યું છે તેવું બરાક ઓબામા સરકારના વેપાર પ્રતિનિધિ રહી ચુકેલા રોબર્ટ હોલીમેને કહ્યુ હતું.જો અમેરિકા ઝડપથી આ ટ્રેડવોરનો ઉકેલ નહીં લાવે તો પહાડ પરથી નીચે ગબડવા સ્નો બોલ જેવો ઉગ્ર બની જશે.ચીનમાં અમેરિકન ચેબર્સ ઓફ કોમર્સના અધ્યક્ષ વિલિટમ જૈરિટે કહ્યુ હતું કે આ પ્રકારના ટ્રેડવોરમાં કોઈ વિજેતા થવાનું નથી. આ પ્રકારે એકબીજાની આયાત પર જકાત લગાવવાથી સમગ્ર વિશ્વના દેશો પ્રભાવિત થશે.

જો કે અમેરીકી ડોલરની સામે ભારતીય રુપીયો ગગડવાની શરુઆત કરી ચુક્યો છે.૭૦ની સપાટી પર પહોચી જવાની શક્યતાઓ રહેલી છે.પાચ પચીસ પૈસા ઘટવાથી રુપીયો મજબુત બન્યો છે તેવુ ગણિત સમજાવનારાઓએ સાચુ અર્થશાસ્ત્ર સમજવાની જરુર છે.

## એનડીએના ચાર વર્ષના શાસનકાળમાં ૨૯૨૦ કોમી રમખાણો થયા, ૩૮૯ મોતઃ સુશાસનના દાવા પોકળ નીકળ્યા

કેન્દ્રની મોદી સરકારમાં લઘુમતી કલ્યાન મંત્રી મુખ્તાર અબ્બાસ નકવીએ મોદી સરકારની ઉપલબ્ધિઓના વખાણ કરતાં કહ્યુ હતું કે ચાર વર્ષના મોદીરાજમાં કોઈ મોટા સાંપ્રદાયિક તોફાનો થયા નથી.તેમણે એવો દાવો કર્યો હતો કે મોદી સરકારે ચારવર્ષમાં વગર ભંદભાવે વિકાસ કર્યો છે પણ તેમના દાવાની પોલ કેન્દ્ર સરકારનાજ ગૃહમંત્રાલયે ખોલી નાંખી છે.ફેક્ટ ચેકર ડોટ ઈન એ ગૃહમંત્રાલયના આંકડા પ્રમાણે લખ્યું છે કે મોદી સરકારના છેલ્લા ચાર વર્ષના કાર્યકાળમાં ત્રણ મોટા તોફાનો થયા હતા. એમાંથી પશ્ચિમ બંગાળના ૨૪ પરગણાં જિલ્લાના બદુરિયા-બશીરહાટ તોફાનો(૨૦૧૭), પશ્ચિમબંગાળના જ હાજીનગરના તોફાનો (૨૦૧૬) અને ઉત્તર પ્રદેશના સહારનપુર તોફાન (૨૦૧૪) સામેલ છે.ગૃહમંત્રાલયના વાર્ષિક રીપોર્ટ પ્રમાણે વર્ષ ૨૦૧૫માં કોઈ મોટા સાંપ્રદાયિક તોફાનો થયા નથી.

મોટી સાંપ્રદાયિક હિંસાની સ્થિતિ ત્યારે ઉભી થાય છે જ્યારે પાંચથી વધારે લોકોના મોત થઈ જાય છે. અથવા ૧૦ થી વધાર લોકો ગંભીર રીતે જમખી થાય છે. હિંસામાં એક શખ્સનું મોત કે ૧૦ લોકો સુધી જખમી થાય તો તેને મહત્વપુર્ણ તોફાનનો દરજ્જો આપવામાં આવે છે.૭ ફેબ્રુઆરી,૨૦૧૭ અને ૬ ફેબ્રુઆરી ૨૦૧૮ના લોકસભામાં ગૃહમંત્રાલય દ્વારા આપવામાં આવેલા જવાબ પ્રમાણે મોદી સરકારના કાર્યકાળમાં વર્ષ ૨૦૧૭ સુધી કુલ ૨૯૨૦ તોફાનો થયા હતા.એમાં ૩૮૯ લોકોના મોત થયાહતા.જ્યારે ૮૮૯૦ લોકો જખમી થયા હતા.દેસી સૌથી વધારે વસતી ધરાવનાર રાજ્ય ઉત્તર પ્રદેશમાં આ ચાર વર્ષ દરમિયાન સૌથી વધારે ૬૪૫ હિંસાની ઘટના ઘટી હતી. જ્યારે કર્ણાટકમાં ૩૭૯,મહારાષ્ટ્રમાં ૩૧૬ હિંસાના મામલા નોધાયા હતા.આ સાંપ્રદાયિક હિંસામાં સૌથી વધુ મૃતકોની સંખ્યાના મામલે પણ ઉત્તર પ્રદેશ ટોપ પર રહ્યુ હતું.અહીં વર્ષ ૨૦૧૪થી ૨૦૧૭ વચ્ચે સાંપ્રદાયિક તોફાનોમાં કુલ ૧૨૧ લોકોના મોત થયા હતા.જ્યારે ભાજપશાસિત રાજ્ય રાજસ્થાનમાં ૩૬ અને કર્ણાટકમાં ૩૫ લોકોના મોત થયા હતા.

લઘુમતી મંત્રાલય દ્વારા બતાવેલા આંકડાઓ જુદા છે અને ગૃહમંત્રાલયના બતાવેલા આંકડાઓ જુદા છે.દેશમાં લઘુમતીઓ ઉપર થયેલા હિંસક હુમલાઓ અંગે અમેરિકન હ્યુમન રાઈટ્સ સંસ્થાએ વિરોધ નોધાવ્યો હતો. પરંતુ સરકારે તેને નકારી કાઢ્યો હતો.સરકારી આંકડાઓમાં સુસંગતતા અને વિશ્વસનીયતાનો અભાવ વિદેશી સંસ્થાઓને દેશ વિરુધ્ધ પોતાના અભિપ્રાયો વ્યક્ત કરવાની સ્વતંત્રતા આપી દે છે.સરકારી મંત્રાલયોએ આંકડાઓ આપતાં પહેલા ચકાસણી કરવી જરુરી છે.

## ભ્રષ્ટાચારના કેસમાં પાકિસ્તાનના પુર્વ વડાપ્રધાન નવાઝ શરીફને ૧૦ વર્ષની જેલ સાથે તેમની પુત્રીને સાત વર્ષની જેલ

પાકિસ્તાન સત્તાધારી પક્ષના સર્વેસર્વા પરિવાર માટે રાજકીય મુશ્કેલી સર્જાતા દેશની સર્વોચ્ચ અદાલતે આપેલા ચુકાદાને કારણે સનસનાટી વ્યાપી ગઈ હતી. પુર્વ વડાપ્રધાન નવાઝ શરીફને ભ્રષ્ટાચાર કેસમાં કોર્ટે દસ વર્ષની સજા ફટકારી હતી.પનામા પેપર લીકમાં એક કેસ લંડનમાં પોશ એવનફિલ્ડ હાઉસમાં ચાર ફ્લેટની માલીકી અંગેનો હતો.૨૫મીજુલાઈ પહેલા પાકિસ્તાનમાં સંસદીય ચુંટણી યોજાય તે પહેલાં આવેલો ચુકાદો સત્તાધારી પક્ષને માટે મુશ્કેલી સર્જશે.

એકાઉન્ટેબીલીટી કોર્ટના જજ મોહમંદ બશીરે બંધ બારણે ચુકાદો આપતાં નવાઝ શરીફની પુત્રી મરિયમને પણ સાત વર્ષની અને જમાઈ સફદરને એક વર્ષની સજા કરવામાં આવી હતી.આ ઉપરાંત નવાઝ શરીફને ૮૦ લાખ પાઉન્ડ એટલે અંદાજીત ૭૩ કરોડ રુપીયા અને મરિયમને૨૦ લાખ પાઉન્ડ એટલેકે ૧૮.૨ કરોડ રુપીયાનો દંડ ફટકાર્યો હતો.અદાલતે આ કેસમાં વોન્ટેડ એવા નવાઝ શરીફના બે પુત્રો હસન અને હુસેનને ભાગેડુ જાહેર કર્યા હતા.નવાઝ શરીફે કેસનો ચુકાદો સાત દિવસ પછી જાહેર કરવાની અપીલ કરી હતી પરંતુ કોર્ટે તે નકારી કાઢી હતી. નવાઝ શરીફના પત્ની હાલમાં લંડનમાં કેન્સરની સારવાર લઈ રહ્યા છે.જજે ચુકાદા સામે અપીલ કરવાની ૧૦ દિવસની મહેતલ આપી છે.ચુકાદા બાદ શરીફે કહ્યુ હતું કે હું આરોપોનો સામનો કરવા માટે પાકિસ્તાન પરત ફરી રહ્યો છું.પાકિસ્તાનના ઈતિહાસને ધરમુળમાંથી બદલી નાંખવાની મને સજા મળી છે.

## ભાજપના સાંસદ ગોપાલ શેટ્ટીએ ખ્રિસ્તીઓ વિરુધ્ધ આપેલા વિવાદાસ્પદ નિવેદનને કારણે હોબાળો સર્જાયો

ભારતીય જનતા પાર્ટીના ઉત્તર મુંબઈના સંસદ સભ્ય ગોપાલ શેટ્ટીએ એક વિવાદાસ્પદ નિવેદન કર્યુ હતું. જેમા તેમણે કહ્યુ હતું કે ભારતની આઝાદીના જંગમાં ખ્રિસ્તીઓએ અંગ્રેજોને સાથ આપ્યો હતો. અને તેઓ મુળમાં અંગ્રેજો જ હતા.તેમના આવા નિવેદનથી હોબાળો મચ્યો હતો.તેમજ વિપક્ષો અને એક્ટીવિસ્ટોએ જાતીય રાજકારણનો આક્ષેપ કર્યો હતો.શેટ્ટીના નિવેદનને કારણે તેમની સામે કોમી હિંસા ભડકાવવા તેમજ જાતીય ભેદભાવનો આક્ષેપ કરીને પોલીસ ફરિયાદ થતાં જ ભાજપના નેતાઓએ ડેમેજ કંન્ટ્રોલ કરવાની કવાયત શરુ કરી હતી.શેટ્ટીના નિવેદન સાથે પાર્ટીને કોઈ લેવાદેવા નથી તેવા નિવેદનો આપવા પડ્યા હતા.ગોપાલ શેટ્ટીએ પોતાના નિવેદનથી પાર્ટીને કોઈ નુકશાન થયું હોય તો રાજીનામું આપવાની તૈયારી બતાવી હતી.પક્ષના મોવડી મંડળને પરખાવ્યું હતું કે મારા માટે કોઈપણ પદ કરતાં વાણી સ્વાતંત્ર્ય મહત્વનું અને પ્રિય છે.ભારતીય ખ્રિસ્તીઓ એ મુળ બ્રિટિશ હતા. એથી તેમણે ભારતની આઝાદીના જંગમાં ભાગ લીધો નહોતો. સ્વતંત્રતાની લડાઈમાં હિંદુ અને મુસ્લીમો ખભેખભા મિલાવીને લડ્યા હતા.

ગોપાલ શેટ્ટીને ઈતિહાસનુ જ્ઞાન નથી.ભાજપે કે તેમના સંઘના સભ્યોએ આઝાદીની લડાઈમાં ભાગ લીધો નહોતો એ સત્ય તેમને ખબર નથી.બીજાના ઉપર આરોપો મુકતા પહેલા પોતાના બાબતે વિચારવું રહ્યું. જો કે વાણી વિલાસમાં ગરબર થઈ હોવાની તેમને જાણ થઈ ગઈ.તેમણે બાજી સંભાળતા એવો ખુલાસો આપ્યો હતો કે મારા માટે ભારત અને ભારતીયો પહેલા આવે.બીજેપી સબકા સાથ સબકા વિકાસ ના નારા સાથે આગળ વધી રહ્યો છે. ત્યારે મારુ માનવું છે કે મૈ સબકા સબ મેરે

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.**

**http:// jagadishchristian.com**

ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઇ શકાશે

## નવક્રાંતિ

અમેરીકામાં એચવન બી વિઝાધારકો પર દેશનિકાલની પ્રક્રિયાની તલવાર તોળાઇ રહી છે.જો એચવનબી વિઝાધારકની વિઝા લંબાવવા અથવા સ્ટેટસમાં બદલાવ કરવાની અરજી નકારી કાઢવામાં આવી હશે અને અમેરીકી સત્તાવાળા દ્વારા ફોર્મ ૧-૯૪માં દર્શાવ્યા પ્રમાણે અમેરિકામાં વસવાટની મુદતની પરવાનગી પુરી થઇ ગઇ હશે તો તેમની સામે દેશનિકાલની પ્રક્રિયા શરુ કરાશે.બદતર સ્થિતિ તો એ હશે કે તેઓ નોકરી તો ગુમાવશે પરંતુ ઈમીગ્રેશન જજ દ્વારા થનારી સુનાવણી માટે મહિનાઓ સુધી અમેરિકામાં રાહ જોવી પડશે.ગયા સપ્તાહમાં જાહેરમાં આવેલ ૨૮મી જુનના પોલીસી મેમોરેન્ડમ યુએસ સીટીઝન એન્ડ ઈમીગ્રેશન સર્વીસીસને આ પ્રકારના એચવનબી વિઝાધારકોને હાજર થવાની નોટીસ પાઠવવા પરવાનગી આપે છે.આ નોટિસમાં સવાલ કરવામાં આવશે કે તેમની અરજી નકારાઇ હોવા છતાં તેઓ શા માટે અમેરિકામાં વસવાટ કરી રહ્યા છે. આ નોટિસ દેશનિકાલની પ્રક્રિયાનું પહેલું પગથિયું હશે.

એનપીઝેડ લો ગ્રુપના સ્નેહલ બત્રાએ જણાવ્યુ હતું કે નોટીસ પાઠવાયા પછી વ્યક્તિએ મોટી સમસ્યાઓનો સામનો કરવાનો રહેશે.એક વાર નોટિસ પાઠવતાં વ્યક્તિ અમેરિકા છોડી નહીં શકે અને સુનાવણી માટે ઈમીગ્રેશન જજ સામે હાજર થવું પડશે. જો વ્યક્તિ સુનાવણી માટે ઈમીગ્રેશન જજની સામે હાજર નહીં રહે તો તેમની પર અમેરિકામાં પ્રવેશ પર પાંચ વર્ષનો પ્રતિબંધ લાદી દેવામાં આવશે.અગાઉ એચવનબી વિઝા લંબાવવામાં ન આવે તો પ્રોફેશનલ કોઈપણ પ્રકારની એનટીએ કાર્યવાહી વિના તાત્કાલિક ભારત પરત ફરી શકતો હતો. તેના નોકરીદાતા બીજા સેશન માટે નવા એચવનબી વિઝા માટે અરજી કરી શકતા હતા.

આંતરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને પણ દેશનિકાલની પ્રક્રીયામાંથી બાકાત રખાયા નથી. ગેરકાયદેસર નોકરી, કોલેજમાં એડમીશનમાં નિષ્ફળતા, વિદ્યાથીની શિક્ષણસંસ્થા વિદ્યાથીનો રેકોર્ડ અપડેટ કરવામાં નિષ્ફળજાય તો તે વિદ્યાર્થીને અમેરિકામાં ગેરકાયદે ગણાશે અને તેને દેશનિકાલ પ્રક્રિયાનો સામનો કરવો પડશે.આ પ્રકારના વિદ્યાર્થીને પણ એનટીએ પાઠવવામાં આવશે.

ટ્રમ્પની નવી વિઝા નીતિને કારણે લાખો વિઝાધારક અને ભારતીય વિદ્યાર્થીઓને ભારે મુશ્કેલીઓનો સામનો કરવાનો વખત આવ્યો છે.ભારતીય વિદ્યાર્થીઓ પર આ કાયદાને કારણે તવાઇ આવશે.એચવનબી વિઝાની મુદત વીતી ગયા બાદ નોકરી તો ગુમાવશે અને ઈમીગ્રેશન કોર્ટમાં કાર્યવાહીનો સામનો કરવો પડશે. મોટા પ્રમાણમાં ભારતીયો આ કાયદો અસર કરશે.

અમેરિકન ઈમીગ્રેશન લોયર્સ એસોસિયેશનના એક્ઝીક્યુટીવ ડીરેકટર બેન્જામીન જ્હોનસન કહે છે કે ૩૧મી મે સુધી ઈમીગ્રેશન કોર્ટમાં સાત લાખ કેસ પેન્ડીંગ હતા. દુર્ભાગ્યની વાત એ છે કે મોટાભાગના એચવનબી વિઝાધારકો ઈનીશીયલ વિઝા પર નહીં પરંતુ એક્સટેન્ડે વિઝા પર છે.આંકડા દર્શાવે છે કે ૩૦ સપ્ટે.૨૦૧૭ નારોજ પુરા થયેલા ૧૨ મહિનામાં અમેરિકી સરકારે ૩.૬૫ લાખ એચવન બી વિઝા અરજી મંજુર કરી હતી. જેમાંથી ફક્ત ૧.૦૮ લાખ અથવા તો ૨૯.૫ ટકા જ ઈનીશીયલ નોકરી મેળવી શક્યા હતા.લગભગ બે લાખ ભારતીયોને તેમની અગાઉની નોકરી જારી રાખવા માટે વિઝા અપાયા હતા.હવે જો એચવનબી વઝા લંબાવવાનો ઈન્કાર કરાયો હોય તેવા કિસ્સામાં પ્રોફેશનલ અમેરિકામાં નોકરી તો નહી કરી શકે પરંતુ તેને ઈમીગ્રેશન કોર્ટ સમક્ષ હાજર થવું પડશે. આ માટે તેને મહિનાઓ સુધી રાહ જોવી પડશે. એકવાર દેશનિકાલની પ્રક્રિયા શરુ થતાંજ ઈમીગ્રેશન જજની પરવાનગી બાદ જ તે અમેરિકા છોડી વતનના દેશમાં જઇ શકશે.

અમેરિકામાં એચવનબી વીઝા મેળવીને વસી રહેલા ગેરકાયદેસરના ભારતીયો માટે ખુબજ મુશ્કેલ ભર્યો સમય છે. ટ્રમ્પે લોકોને ચુંટણીમાં આપેલ વચનો મુજબની કાર્યવાહી કરવા માટેના આદેશો જારી કરી દીધા છે. અને તેના કારણે અનેક ભારતીયોને તેની અસરો થશે. ભારતીયો સાથે અનેક દેશોના લોકો પણ સામેલ છે પરંતુ ભારતીયોની સંખ્યા મોટી છે.

દેશનિકાલની પ્રકીયા શરુ કરવાની આ પ્રકારની એનટીએ અગાઉ ફ્રોડ,ક્રિમીનલ ચાર્જીસનો સામનો કરનારા,રાજ્યાશ્રય અથવા નિરાશ્રીતનો દરજ્જો આપવાનો ઈન્કાર કરાયો હોય તેવા લોકોને આ પ્રકારની નોટિસ પાઠવવામાં આવતી હતી. હવે યુએસ ઈમીગ્રેશન વિભાગે દાયરો વિસ્તારી દીધો છે. ખેર ગેરકાયદેસર અમેરિકામાં વસાહતી બની ગયેલા ભારતીયોએ સરકારની નીતિને આવકારીને પરત ભારત ફરવું કે નહીં તેનો નિર્ણય લેવાનો છે.

## કેજરીવાલના સમર્થનમાં સુપ્રીમ કોર્ટે ઉપરાજ્યપાલને સ્વતંત્ર સત્તાઓ નથીનો નિર્ણય કરી કેન્દ્ર સરકારની સામે મહત્વનો ચુકાદો આપ્યો

આમ આદમી પાર્ટીની અરવિંદ કેજરીવાલ સરકાર અને ઉપરાજયપાલ વચ્ચે અધિકારોની લડાઈમાં સુપ્રીમ કોર્ટની પાંચ જજોની બેન્ચે મહત્વનો ચુકાદો આપી દિલ્હીની ચુંટાયેલી સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા નિયુક્ત ઉપરાજ્યપાલ માટે લક્ષ્મણરેખા આંકી દીધી હતી.દિલ્હીના ઉપરાજયપાલ સાથેના વહીવટી ખટરાગ પર દિલ્હીની આપ સરકારે સુપ્રીમ કોર્ટમાં ધા નાંખી હતી, જેના પગલે ચીફ જસ્ટીસ દીપક મિશ્રાની અધ્યક્ષતામાં પાંચ જજોની બંધારણીય બેન્ચે આ પેચીદા મામલા પર સુનાવણી હાથ ધરીને ચુકાદો આપ્યો હતો.સુપ્રીમે ચુકાદામા સ્પષ્ટ જણાવ્યુ હતું કે દિલ્હીના ઉપરાજયપાલ જનતા દ્વારા ચુંટાયેલી કેજરીવાલની સરકારની સલાહ માનવા અને મદદ કરવા બંધાયેલા છે.દિલ્હીની સરકાર અને ઉપરાજયપાલ બંને એકબીજાની સાથે મળીને કામ કરે.લોકશાહીમાં ચોક્કસ સિધ્ધાન્તોને વળગી રહી શકાય નહીં. અથવા અંધાધુંધીને કોઇ સ્થાન નથી.કાયદો-વ્યવસ્થા,પોલીસ અને જમીનના મામલા સિવાય ઉપરાજ્યપાલ કેજરીવાલ સરકારની સલાહ માનવા બંધાયેલા છે.નિર્ણયો લેવાની વાસ્તવિક સત્તા ચુંટાયેલી સરકાર પાસે છે.નેશનલ કેપીટલ ટેરીટરી સરકારના અધિકાર ક્ષેત્રની બહારના અથવા બંધારણના આર્ટીકલ ૨૩૯ અંતગર્તના મામલામાં જ ઉપરાજ્યપાલ નિર્ણય લઈ શકશે.

સુપ્રીમ કોર્ટે જણાવ્યુ હતું કે સરકાર અને ઉપરાજયપાલ વચ્ચેના દરેક મંતવ્ય પરના મતભેદને નિર્ણય માટે રાષ્ટ્રપતિ પાસે મોકલી શકાય નહી.રાષ્ટ્રપતિને મોકલી આપતા મામલા રાષ્ટ્રીય હિતના હોવા જોઇએ.દિલ્હી સરકારે રોજીદા વહીવટના દરેક મામલામાં ઉપરાજ્યપાલની પરવાનગી લેવાની જરુર નથી. તેણે ફક્ત ઉપરાજયપાલને જાણ કરવાની રહેશે. જો કે સુપ્રીમ કોર્ટે દિલ્હીને સંપુર્ણ રાજયના દરજ્જાની માંગને નકારી કાઢી હતી.કોર્ટે જણાવ્યુ હતું કે દિલ્હી રાજ્ય નથી. ઉપરાજ્યપાલ રાજ્યપાલ નથી.તેઓ મર્યાદિત વહીવટદાર છે.લોકશાહીમાં સાચી સત્તા ચુટાયેલા પ્રતિનિધિઓ પાસે છે. તેઓ વિધાનસભાને જવાબદાર હોય છે.

## બેન્કોની કથળેલી હાલત માટે જરી પુરાણા કાયદો દોષિત છે : અરુણ જેટલી

બેન્કોની બિસ્માર હાલત માટે હવે મોદી સરકારે દોષનો ટોપલો જરીપુરાણા ભ્રષ્ટાચાર નિવારણ કાયદા પર ઢોળ્યો છે.કેન્દ્રીય મંત્રી અરુણ જેટલીએ જણાવ્યુ હતું કે ૩ દાયકા જુનો પ્રીવેન્શન ઓફ કરપ્શન એક્ટ નિર્ણયો લેવામાં વિલંબ કરે છે. તેને કારણે સરકારના હાથ બંધાઇ જાય છે.જેટલીએ જણાવ્યુ હતું કે આ કાયદામાં સુધારો કરવા તમામ રાજકીય પાર્ટીઓ સહકાર આપે. જો આ કાયદામાં સુધારો નહીં થાય તો સરકારી અધિકારીઓ અને બેન્કરોને નિર્ણયમાં વિલંબ માટે દોષિત ઠરાવી શકાશે નહીં.

જેટલીએ કહ્યુ હતું કે પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટ સૌથી ખરાબ રીતે આલેખાયેલો કાયદો છે.આ કાયદો કેવળ ભ્રષ્ટાચારને લાંચ અથવા અપ્રમાણિક વર્તણુંકને પરંતુ પ્રમાણિકતાથી લેવાયેલા નિર્ણયોને પણ શંકાની નજરે જુએ છે.જેટલીએ પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટની ટીકા એવા સમયે કરી છે જ્યારે સરકારી બેન્કોના અડધો ડઝન સીઈઓ સામે બેડ લોન માટે ચાર્જશીટ દાખલ થઇ છે.અથવા તેમની ધરપકડ થઇ છે.જેટલીએ કહ્યુ હતું કે આ કાયદો એક એવી કાયદાકીય સિસ્ટમ ઊભી કરે છે જેમાં ૧૦ વર્ષ પછી કરાયેલી તપાસમાં લાભકારી નિર્ણયો ખામી યુક્ત જણાયા છે. અને લોકોને જવાબદાર ઠેરવવામાં આવ્યા છે. આ બાબત બેન્કરો અને સરકારી અધિકારીઓને લાગુ પડે છે.એનડીએ સરકારે આ કાયદામાં સુધારો સુચવ્યો છે જેથી પાછળથી ખામીયુક્ત જણાયેલા લાભકારી નિર્ણયોને ભ્રષ્ટાચારમાં સામેલ ન કરાય,જો કે આ સુધારા ખરડો સંસદમાં પસાર થઇ શક્યો નથી.

દરિયાઇ મુસાફરી માટે ઉપયોગમાં લેવાતા સૌથી વિશાળ જહાજ તરીકે ૧૯૩૮માં નિર્માણ પામેલું ક્વીન એલિઝાબેથ ક્રુઝ લાઈનર હતું.


### જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૯, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

### ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૯૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

### અમી સર્જીકલ

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧

,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૯૯

૯૮૨૪૩૬૨૪૯૨

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

### કેર કોમ્પ્યુટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

# ૩૦ જુન સુધીમાં ૧૫,૧૮૭ ખેડુતોએ આત્મહત્યા કરી :વિદર્ભમાં દેવામાંફીના એકજ વર્ષમાં ૧૧૯૦ ખેડુતોએ મોતને વહાલું કર્યું

ખેડુતોનું જીવન કુદરતના મિજાજ પર અવલંબે છે.ખેડુતોએ માટે શું ખાવું અને શું વાવવું એજ મુખ્ય સમસ્યા છે.મહારાષ્ટ્ર સરકારે જુ-૨૦૧૭માં કરજ માફી જાહેર કરી હતી. કરજ માંફીના એક વર્ષમાં અમરાવતી સહિત વર્ધા જિલ્લામાં ૧૧૯૦ ખેડુતોએ જીવન ટુંકાવ્યુ છે.છ મહિનામાં ૪૮૬ ખેડુતોએ મોત વહાલું કર્યુ છે.આ એક ભયંકર વાસ્તવિકતા છે.સરકારી સ્તરે ૧લી જાન્યુ.૨૦૦૧થી ખેડુતોની આત્મહત્યાની અલાયદી નોંધ રાખવામાં આવે છે.અમરાવતી વિભાગ સહિત નાગપુર વિભાગના વર્ધા જિલ્લામાં ૩૦મી જુન,૨૦૧૮ સુધીમાં ૧૫,૧૮૭ ખેડુતોએ આત્મહત્યા કરી છે. આ પૈકી ૬૮૦૨ પ્રકરણ પાત્ર,૮૨૪૩ પ્રકરણ અપાત્ર અને ૨૦૦ પ્રકરણે તપાસ બાકી છે. આ વરસમાં જાન્યુઆરી ૯૭ ફેબ્રુ.માં ૮૩, માર્ચમાં ૯૬, એપ્રીલમાં ૮૦ મે માં ૭૩ અને જુન મહિનામાં ૫૭ ખેડુતોએ જીવાદોરી ટુંકાવી છે. અમરાવતી વિભાગમાં દરરોજ ૩ દેવાદાર ખેડુત આત્મહત્યા કરી રહ્યા છે. મૃત્યુ પછી પણ ખેડુતોના કુટુંબીઓની ઉપેક્ષા થઇ રહી છે. દોઢ દાયકા પછી પણ આત્મહત્યા કરેલ ખેડુતના પરિવારને માત્ર એક લાખ રુપીયાની સહાય મળે છે.

# વિદેશી રોકાણકારોએ ૨૦૧૮માં ભારતમાંથી રુ.૪૮,૦૦૦કરોડનું રોકાણ પાછુ ખેચ્યું

વિદેશી રોકાણકારોએ ૨૦૧૮ના પહેલા છ મહિનામાં દેશના મુડીબજારોમાંથી સૌથી વધુ રુ.૪૮,૦૦૦કરોડનું રોકાણ પાછું ખેચ્યુ છે. છેલ્લા ૧૦ વર્ષમાં ફોરેન પોર્ટફોલીયો ઇન્વેસ્ટર્સ દ્વારા જંગી રોકાણ પાછુ ખેચવામાં આવ્યાની આ પહેલી ઘટના છે.ક્રુડ ઓઇલના ઉંચા ભાવ,રુપીયા સામે ડોલરની મજબુતાઇ,વિદેશી બજારોમાં મળતા ઉંચા વળતર અને અમેરિકા અને ચીન વચ્ચે છેડાયેલા ટ્રેડ વોરની ભારત બજારોમાં પડેલી માઠી અસરોનું પરિણામ છે.જાન્યુ ૨૦૧૮ થી જુન ૨૦૧૮ પછી જંગી રોકાણ પાછુ ખેચવાની આ મોટી ઘટના છે.વૈશ્વિક નાણાંકીય કટોકટી વખતે વિદેશી રોકાણકારોએ ઇક્વીટી બજારમાંથી રુ.૨૪,૭૫૮કરોડની રકમ પાછી ખેચી હતી.ભારતનું સૌથી ઉંચુ આયાત બિલ ક્રુડ ઓઇલનું છે.જે દેશના અર્થતંત્રને ભારે અસરકર્તા છે.


**કાર ભાડે મળશે**



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**




# દેશમાં ટોળાશાહી દ્વારા કાયદો હાથમાં લઇને કરાતી હત્યાઓ અટકાવવાની જવાબદારી રાજ્યસરકારોની છેઃ હિંસાં પણ એક અપરાધ છે સુપ્રીમ કોર્ટ



ભારતમાં ગૌરક્ષાને નામે કાયદો હાથમાં લેવાની પ્રવૃત્તિ સામે સુપ્રીમ કોર્ટે લાલ આંખ કરતાં કહ્યુ હતું કે હિંસા અટકાવવાની જવાબદારી રાજ્ય સરકારોની છે અને આ રીતે થતી હિંસા એક અપરાધ છે.દેશમાં ગૌરક્ષાને નામે હુમલા અને હત્યાઓ બાબતે ઉગ્ર વલણ અપનાવતાં સુપ્રીમ કોર્ટે જણાવ્યુ હતું કે ગૌરક્ષાના નામે થતી હિંસા અટકાવવાની જવાબદારી રાજ્ય સરકારની છે અને આ પ્રકારની હિંસાઓ થવી જોઇએ જ નહીં. ગૌરક્ષાને નામં થતી હિંસા કોઇપણ રીતે સ્વીકાર્ય નથી.

ભારતના ચીફ જસ્ટીસ દિપક મિશ્રા,જસ્ટીસ એ.એમ.ખાનવિલકર, અને જસ્ટીસ ડી.વાય.ચંદ્રચુડની બેન્ચે જણાવ્યુ હતું કે ગૌરક્ષા ના નામે થતી હિંસા કાયદો અને વ્યવસ્થાનો મુદ્દો છે. કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરવી રાજ્ય સરકારોની જવાબદારી છે.બેન્ચે એક અવલોકનમાં જણાવ્યુ હતું કે ગૌરક્ષાના નામે કરાતી પ્રવૃત્તિ હકીકતમાં ટોળા દ્વારા આચરાતી હિંસા છે.જે એક અપરાધ છે.કોર્ટે સાથે સાથે એ પણ જણાવ્યુ હતું કે બાળકો ઉપાડી જવાની ઘટનાઓના નામે ફેલાતી અફવાઓ પણ જોખમી છે. તેના કારણે લોકો હિંસક બન્યા છે.અને કાયદો હાથમાં લઇ રહ્યા છે. જે પણ સ્વીકાર્ય નથી.તે અપરાધ જ છે. એક વર્ષ પહેલાં પણ ચીફ જસ્ટીસ દિપક મિશ્રા,જસ્ટીસ અમિતાવ રોય અને જસ્ટીસ એ.એમ.ખાનવિલકરની બેન્ચે કેન્દ્ર અને રાજ્ય સરકારોને ગૌરક્ષાને નામે થતી હિંસા અટકાવવા માટે આકરાં પગલાં લેવાનો આદેશ આપ્યો હતો તેમ છતાં દેશમાં આ પ્રકારની ઘટનાઓ સતત નોધાઇ રહી છે.

આ કેસની સુનાવણીમાં બન્ચે સવાલ કર્યો હતો કે ગૌરક્ષાને નામે હિંસા આચરતા લોકોને કોણ અટકાવશે ? આ પ્રકારના જુથો દ્વારા આચરાતી હિંસા અટકાવવા માટે કોઇક પ્રકારની વ્યવસ્થા અમલમાં હોવી જોઇએ. આ પ્રકારની હિંસાનો તાત્કાલિક અંત આવવો જોઇએ.

સુપ્રીમ કોર્ટે આપેલા આદેશનું પાલન નહીં કરવા માટે અરજકર્તા તૃષાર ગાંધી દ્વારા રાજસ્થાન, હરિયાણા અને ઉત્તર પ્રદેશની ભાજપ સરકારો પર અદાલતની અવમાનનાની કાર્યવાહી કરવાની માંગ કરાઇ હતી.તેમણે ભાજપ સરકારો સામે મોરચો માંડ્યો હતો.ગૌરક્ષાને નામે આચરાતી હિંસા અટકાવવા માટે આકરાં પગલાં લેવા સુપ્રીમ કોર્ટના આદેશનું પાલન કેમ નથી કરાયું તેનો જવાબ આપવા સુપ્રીમે આ ત્રણેય રાજ્યોની સરકારોને આદેશ આપ્યો હતો.તૃષાર ગાંધી મહાત્માં ગાંધીના પૌત્ર છે.

દેશમાં પહેલા ગૌરક્ષક અને હવે બાળક ચોરની અફવા બાદ ટોળાકીય હિંસામાં વધારો થઇ રહ્યો છે.ટોળાએ અત્યાર સુધીમાં ૨૯ લોકોની હત્યા કરી નાંખી છે.તાજુ ઉદાહરણ મહારાષ્ટ્ર પુણેનું છે.જ્યાં ટોળાએ પાંચ લોકોને મારી મારીને હત્યા કરી નાંખી હતી.સુપ્રીમ કોર્ટે ગૃહમંત્રાલયને કહ્યુ હતું કે રાજ્યોના ડીજીપીને કાર્યવાહી કરવાનો આદેશ આપવામાં આવે. જવાબમાં ગૃહમંત્રાલયે કહ્યુ કે આ સબંધમાં પહેલેથી જ સલાહ જારી કરી દેવામાં આવી છે.હાલમાં આ મુદ્દે કોર્ટે તેનો આદેશ સ્થગિત રાખ્યો છે.કોર્ટમાં બાળક ચોરીનો મુદ્દો પણ ઉઠ્યો હતો પરંતુ કોર્ટે તેના પર કોઇ ટિપ્પણી કરી નહોતી.તહસીન પુનાવાલ સહિતના ઘણા લોકોએ સુપ્રીમ કોર્ટમાં અરજી કરીને ટોળાકીય હિંસાને નાથવા પગલાં ભરવાની માંગણી કરી હતી.

સોશ્યલ મીડીયા પર ફેલાયેલી અફવાને કારણે અત્યાર સુધીમાં ૨૯ લોકોની હત્યા કરી દેવા છે. દેશમાં વધી રહેલી અફવા પર લગામ કસવા માટે કેન્દ્ર સરકારે કડક વલણ અપનાવ્યું છે. ગૃહમંત્રાલયે તમામ રાજ્યોના ડીજીપીને અફવા ફેલાવનારની સામે આકરી કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો છે. ગૃહમંત્રાલયે સુપ્રીમ કોર્ટમાં એક એફિડેવીટ રજુ કરીને જવાબ આપ્યો હતો.દેશમાં વધી રહેલી ટોળાકીંય હત્યાને ગંભીર માનીને સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર પાસેથી જવાબ માંગ્યો હતો.

ગૌરક્ષાને નામે થતી હત્યાઓ સામે આકરા પગલાં લેવાનું સુપ્રીમ કોર્ટે કહ્યુ હતું પરંતુ તેનું પાલન રાજ્ય સરકારોએ કર્યું નથી તેનું કારણ એ છે કે ગૌરક્ષકોના આકાઓ સરકારમાં બેઠેલા છે અને તેઓ પોલીસને ગૌરક્ષકો સામે સખ્ત કાર્યવાહી કરતાં રોકે છે પરિણામે ગૌરક્ષકો બેફામ બન્યા છે.અને શંકાને કારણે તેઓગમે તેમ કરી શકે છે. જાહેરમાં કે કોઇની મિલ્કતમાં ઘુસી જઇને તેઓ કાર્યવાહી કરે છે.પોલીસ કાં તો મુક પ્રેક્ષક બની રહે છે કાંતો તેમના સાથીદાર બની જાય છે.


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોંચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ००८९८
E.mail : drhamparikh@yahoo.co.in

# ભારત સરકાર આવનારી લોકસભાની ચુંટણીમાં જીતવા અને પ્રજા પાસેથી વધુ મતો મેળવવા મને ભારત પાછો લાવવા માંગે છે : વિજય માલ્યા

ભારતની બેન્કોને રૂ.૯૩૦૦ કરોડનો ચુનો લગાડીને વિદેશ ભાગી જનાર ભાગેડું વિજય માલ્યાએ કહ્યુ હતું કે ભારતમાં આવતા વર્ષે લોકસભાની ચુંટણી યોજવાની છે.તેથી પ્રજા પાસેથી વધુ મતો મેળવવા અને ચુંટણી જીતવા માટે ભારત સરકાર મને પવિત્ર ક્રોસ પર લટકાવી દેવા માંગે છે. હું આ રીતે પાછો ભારત આવવાનો નથી.માલ્યાએ કહ્યુ હતું કે બ્રિટનમાં આવેલી તેની તમામ સંપત્તિ જપ્ત કરવા માટે ઈચ્છતા એન્ફોસમેન્ટ ડિરેક્ટોરેટના અધિકારીઓને તમામ સહયોગ આપવા તૈયાર છું પણ બ્રિટનમાં તેમના પરિવારની સંપર્તિ જપ્ત કરવા જેવું કશું છે નહી.કારણકે લંડનમાં આવેલા તેમના બંગલા તેમના નામ પર નથી. લંડનની સંપત્તિ મારી માતા અને સંતાનોના નામ પર છે.મારી પાસે થોડી કાર અને ઝવેરાત છે. જં હું ઈડી કહે તે સમયે તેને પહોચાડવા તૈયાર છું.

માલ્યાએ કહ્યુ હતું કે હું હંમેશા ઈંગ્લેન્ડમાં રહીશે અને ભારતનો નોનરેસિડન્ટ ઈન્ડીયન રહ્યો છું. આથી ભારત પાછા ફરવાનો કોઈ પ્રશ્ન જ નથી.અને ભાગી જવાનો કોઈ સવાલ જ નથી.મારી સામે જે કાંઇ પગલાં લેવાઈ રહ્યા છે તે રાજકીય છે.તેઓ લોકોના મત મેળવવા મને પવિત્ર ક્રોસ પર લટકાવવા માંગે છે. ભારત સરકાર અને ભારતીય બેન્કો રૂ.૯૩૦૦ કરોડની લોન વસુલવા માટે ૬૨ વર્ષના પુર્વ લિકર બેરોન અને બંધ પડેલી એરલાઈન્સ કિંગફિશરના માલિક વિજય માલ્યાનું બ્રિટનની સરકાર પાસેથી પ્રત્યાર્પણ કરવા માંગે છે. બ્રિટનની કોર્ટે દ્વારા ભારતીય બેન્કોને માલ્યાની સંપત્તિ જપ્ત કરીને લોનની બાકી રકમ વસુલવા છુટ આપવામાં આવી છે.

# કાગળ પરની શિક્ષણ રિલાયન્સની જીયો સંસ્થાને શરૂ થયાં પહેલાં જ સરકારે ઉત્કૃષ્ટનો પુરસ્કાર આપી દીધો

કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરાયેલા ઉત્કૃષ્ટ શિક્ષણ સંસ્થાનોમાં રિલાયન્સ ફાઉન્ડેશનના પ્રસ્તાવિત જીયો ઈન્સ્ટિટ્યુટને સ્થાન આપતાં મોટો વિવાદ સર્જાયો છે.રિલાયન્સ ઈન્ડ્સ્ટ્રીઝની આ શિક્ષણ સંસ્થા હજુ કાગળ પર હોવા છતાં આ પ્રકારનો દરજ્જો આપી દેવાતાં મોદી સરકારની આકરી ટીકા થઈ રહી છે.દેશમાં ઉત્કૃષ્ટ સંસ્થાઓની પસંદગીની પ્રક્રિયા પ ર સવાલ ઉભા કરાયા છે.જિયો સંસ્થાની પસંદગી પાછળના ઈરાદા અંગે પણ પ્રશ્ન ઉઠાવવામાં આવી રહ્યા છે.

કોગ્રેસે સરકાર પર રિલાયન્સ ઈન્ડ્સ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી અને તેમના પત્ની નીતા અંબાણી માટે વ્હાલા દવલાની નીતિ અપનાવવાનો આરોપ મુક્યો છે.કોગ્રેસે જણાવ્યુ હતું કે કાલ્પનિક જીયો શિક્ષણ સંસ્થાને હજુ સુરજનું કિરણ જોયું નથી તેમ છતાં તેને ઉત્કૃષ્ટ શિક્ષણ સંસ્થાનો દરજ્જો આપી દેવામાં આવ્યો છે.જેએનયુના પ્રોફેસર આયેશા કિડવાઈએ આ નિર્ણયમાં હિતોના ટકરાવનો આરોપ મુક્યો હતો. તેમણે જણાવ્યુ હતું કે જે સંસ્થાનું કેમ્પસ નથી.તેવી સંસ્થાએ ઉત્કૃષ્ટતાની બાબતમાં આઈઆઈટી અને અશોકા તથા ઓપી જિંદાલ ગ્લોબલ યુની. જેવી સંસ્થાઓને પાછળ છોડી દીધી છે. શું રિલાયન્સની શિક્ષણ સંસ્થાના માર્કેટીંગનું કામ સરકાર કરી રહી છે.

આકરી ટીકા પછી સરકારે ફેરવી તોળ્યુ હતું કે માનવ સંસાધન મંત્રી પ્રકાશ જાવડેકરે શ્રેણીબધ્ધ ટ્વિટમાં જણાવ્યુ હતું કે જીયો સંસ્થાને ચોક્કસ શરતો પુરી કર્યા પછી જ ઈન્સ્ટિટ્યુટ ઓફ એમિનન્સનો દરજ્જો અપાશે.અત્યારે તો તેમને લેટર ઓફ ઈન્ટેટ જ જારી કરવામાં આવ્યો છે.ઉચ્ચ શિક્ષણ વિભાગના સચિવ આર.સુબ્રમણયમે જણાવ્યુ હતું કે જિયો સંસ્થા ગ્રીનફિલ્ડ મોડ પર શરુ થઈ રહી છે.તેમને ફક્ત લેટર ઓફ ઈન્ટેન્ટ જ અપાશે.

# નિર્ભયાકાંડમાં આરોપીઓની ફાંસીની સજા સુપ્રીમ કોર્ટે યથાવત રાખી

સુપ્રીમ કોર્ટે નિર્ભયા ગેંગરેપ અને મર્ડર કેસમાં ગુનેગારોની રિવ્યુ પીટીશન ફગાવી દેતાં તેમની ફાંસીની સજા યથાવત રહેવા પામી હતી. કોર્ટ દ્વારા આ કેસમાં ચાર આરોપીઓને ગયા વર્ષે પાંચમી મેના રોજ ફાંસીની સજા સંભળાવવામા આવી હતી.ત્યારબાદ આરોપીઓએ સુપ્રીમ કોર્ટમાં રીટ પીટીશન ફાઈલ કરી હતી.ચીફ જસ્ટીસ દિપક મિશ્રા,જસ્ટીસ આર.ભાનુમતી, જસ્ટીસ અશોક ભુષણની ખંડપીઠે આ અરજી સામે ફાંસીનો ચુકાદો માન્ય રાખ્યો હતો.નિર્ભયાના માતાપિતાએ ગુનેગારો ઝડપી ફાંસી થાય તેવી ઈચ્છા વ્યક્ત કરી હતી.તેમણે નિર્ણય બદલ કોર્ટનો આભાર માન્યો હતો.તેમણે કહયુ કે દોષિતોને અમે ફાંસીને માંચડે લટકતા જોવા માંગીએ છી

## જાણવા જેવું !

ડીઝનીલેન્ડ અને ડીઝની સ્ટુડીયોના સ્થાપક વોલ્ટ ડીઝનીએ તેમની કારકીર્દીની શરૂઆત સમાચારપત્રમાં જાહેરખબરની ડીઝાઈન કરનારી વ્યક્તિ તરીકે કરી હતી.


## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬



## ★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

*નીલા સી.ગામડીયા*

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨


# ટ્રમ્પની ઇમિગ્રેશન નીતિ સામે અમેરિકામાં વિરોધનો વંટોળ ફાટ્યો : સરકાર સામે હજારો લોકો સડક પર

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની વિવાદાસ્પદ ઈમીગ્રેશન નીતિ સામે વિરોધ જાહેર કરવા માટે દેશના સંખ્યાબંધ શહેરોમાં ભારતીય સમુદાય સહિત વિવિધ સમુદાયના હજારો લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા.ટ્રમ્પની આ વિવાદાસ્પદ નીતિને કારણે જ ગેરકાયદે ઈમિગ્રન્ટસના બાળકોને પણ પોતાના માતપિતાથી દુર થવાની નોબત આવી હતી. ટ્રમ્પ વહીવટીતંત્રની ઝીરો ટોલરન્સ નીતિને કારણે અમેરીકી સરહદે ગેરકાયદે ઈમીગ્રન્ટસ માતા-પિતા કે વાલીથી તેમના ૨૦૦૦ બાળકોને અલગ થવાનો વારો આવ્યો છે.

તે સહિતના મુદ્દે ટ્રમ્પની ઈમીગ્રેશન નીતી સામે વિરોધ વંટોળ સર્જાયો છે.વ્હાઈટ હાઉસ નજીકના બગીચામાં સેકડો લોકો વિરોધ દેખાવો માટે ઉમટ્યા હતા. અમેરિકાના વિવિધ શહેરોમાં પણ ખાસ કરીને ડેમોક્રેટ પાર્ટીના નેતા અને માનવ અધિકાર જુથોના નેતૃત્વમાં આજ પ્રકારે વિરોધ દેખાઓ થયા હતા. દેખાવકારો માંગણી કરી રહ્યા હતા કે ઈમીગ્રેશન નીતિ માનવીય હોવી જોઈએ.અને કોઈપણ સંજોગોમાં ગેરકાયદે સરહદ પાર કરનારા વાલીઓથી પણ તેમના બાળકોને દુર કરવાની જોગવાઈ હોવી જોઈએ નહી.સીએનએનના હેવાલ મુજબ મુખ્ય રેલી વોશિંગ્ટનમાં યોજાઇ હતી.પરંતુ ન્યુયોર્ક,ફિલાડેલ્ફીયા,શિકાગો,મિલવોકી, ડેનવર,મિયામી,સેન્ટ લુઈસ,સાન ફાંસિસ્કો અને લોસ એન્જલસ જેવા કેટલાય શહેરોમાં વિવિધ પ્રદર્શનો યોજાયા હતા.વોશિંગ્ટનમાં યોજાયેલી રેલી લાફેટ ચોકથી વ્હાઈટ હાઉસ સુધી નીકળી હતી.આ રેલીમાં લોકોએ શરમ કરો શરમ કરોના નારા લગાવ્યા હતા.એટલાન્ટામાં પ્રદર્શન કરનારાઓએ હાથમાં પિંજરુ રાખ્યુ હતું. જેમાં એક ઢીંગલીને પુરવામાં આવી હતી.

ટ્રમ્પ આગ્રહપુર્વક કહી રહ્યા છે કે ગેરકાયદે સરહદ પાર કરનારા સામે જીરો ટોલરન્સની નીતિ અપનાવવી જોઈએ. ગેરકાયદે સરહદ પાર કરનારાને હદપાર કરવા જોઈએ.વોશિંગ્ટન ખાતે યોદાયેલી રેલીમાં ભાગ લેતા ભારતીય મુળના અમેરિકી કોગ્રેસમેન પ્રેમિલાએ જણાવ્યુ હતું કે ટ્રમ્પ ઝીરો ટોલરન્સ નીતિ છોડે તે સમજાવવા વિરોધ થઈ રહ્યો છે.વિવિધ સંગઠનોએ સાથે મળીને આ રેલીનું આયોજન કર્યુ હતું. જયપાલે એક રેલીમાં ભાગ લેતા જણાવ્યુહતું કે વાલીઓથી અલગ થયેલા બાળકોને પાંજરામાંથી મુકત કરીને માતાપિતા પાસે રાખવા જોઈએ.અમેરિકી અધિકારીઓ દ્વારા ગેરકાયદે ઈમીગ્રન્ટરની ધરપકડ બાદ ૨૩૦૦ જેટલા બાળકોને તેમના માતાપિતાથી અલગ રાખવામાં આવ્યા છે.

# સુપ્રીમ કોર્ટે અહેમદ પટેલને હાઇકોર્ટની પીટીશન પર સ્ટે આપ્યો

રાજ્યસભાની ચુંટણીમાં કોગ્રેસના દિગજ્જ નેતા અહેમદ પટેલના વિજયને પડકારતી ગુજરાત હાઈકોર્ટમાં કરાયેલી પીટીશન પર સુનાવણી કરવા સામે સુપ્રીમ કોર્ટે સ્ટે આપ્યો છે.આ સાથે જ રાજ્યસભા ચુંટણી વિવાદમાં અહેમદ પટેલને મોટી રાહત મળી છે.

ભાજપના નેતા અને પુર્વ કોગ્રેસના ધારાસભ્ય બળવંતસિંહ રાજપુત દ્વારા રાજ્યસભાની ચુટણીમાં બે મત રદ કરવાથી અહેમદ પટેલના વિજયને પડકારતાં ચુંટણી પંચના નિર્ણય સામે ગુજરાત હાઈકોર્ટમાં પીટીશન ફાઈલ કરી હતી.

સુપ્રીમ કોર્ટે આ મુદ્દે અહેમદ પટેલની અરજીની સુનાવણી હાથ ધરી હતી.ચીફ જસ્ટીશ દિપક મિશ્રા,ના વડપણ હેઠળ જસ્ટીસ એ.એમ.ખાનવિલકર,જસ્ટીસ ડી વાય ચંદ્રચુડની ખંડપીઠે સુનાવણી કરી હતી.


## ગ્લોરી કેટરીંગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ

**એ.એમ.મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪



તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.